## (૭) ટ્રેક નં.૧૯ : દ્રવ્ય-ગુણ-પર્યાય વિષે

✿ દ્રવ્ય અને ગુણ કાયમી-પર્યાય એટલે બદલતી અવસ્થા-એમ જ ને? હા. દ્રવ્ય જો પર્યાય વગરનું હોત તો જેમ છે એમ ફૂટસ્થ પડ્યું રહેત. તો સમ્યક્દર્શન, કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાય આવત કેવી રીતે? અરે વાહ! આ બધું તમને કોણે સમજાવ્યું? મારા પૂજ્ય સદ્ગુરુદેવશ્રીએ. તો મને પણ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીનું પ્રવચન સંભળાવો ને! ચાલો.

✿ માંગલિક

✿ ભક્તિ : તું તો ગુણોકા સાગર હૈ, પૂર્ણાનંદ મહાપ્રભુ હૈ,
નિજમેં હી દૃષ્ટિ કરના, રાગમેં જીવ તું મત ફસના (૨)

✿ અપની ચીજમેં તીન પ્રકાર હૈ-એક દ્રવ્યરૂપ-એ વસ્તુ, એક ગુણરૂપ-ઉસકી શક્તિ, એક પર્યાયરૂપ-અવસ્થા.

✿ દ્રવ્ય તો તેને કહેવાય કે જેના કાર્યને માટે-જેની નિર્મળ વીતરાગી સમ્યક્દર્શન જ્ઞાન-ચારિત્ર-એવું જે કાર્ય એના માટે બીજા સાધનોની રાહ જોવી ન પડે.

✿ જેને અહીંયા દ્રવ્ય કહીએ, બીજી ભાષામાં કહીએ તો તેને ધ્રુવ કહીએ-ત્રીજી ભાષામાં કહીએ તો તેને સામાન્ય કહીએ, ચોથી ભાષામાં કહીએ તો એને એકરૂપ રહેનારું તત્ત્વ કહીએ. જેમાં પરિણમન-બદલવું પણ જેમાં નથી.

✿ દ્રવ્ય કા દો અર્થ હૈ, એક-દ્રવ્ય જે આ દ્રવ્ય દૃષ્ટિ હૈ એ દ્રવ્ય તો એક અંશ હૈ, અને જે દ્રવ્ય ત્રિકાળી અને વર્તમાન પર્યાય દોકો દ્રવ્ય કહેતે હૈ-યે પ્રમાણકા દ્રવ્ય હૈ.

✿ ત્રિકાળી ધ્રુવ-નયનો વિષય-અંશ-તે ધ્રુવ-આમ તો ત્રણની અપેક્ષાએ ધ્રુવને પણ અંશ કહ્યા હૈ પર્યાયકા ભેદમેં-ધ્રુવ. પણ અહીંયા તો દ્રવ્ય જે ત્રિકાળી ધ્રુવ જે વસ્તુ હૈ-હૈ ભલે ૩ અંશ-૨ અંશકા તીજા અંશ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. એ અપેક્ષાએ પણ વો ધ્રુવ હૈ ઉસકો અહીંયા દ્રવ્ય કહેનેમેં આયા હૈ. કાયમ રહેનેવાલી ચીજ-જિસકી પર્યાયમેં મલિનતા હો, નિર્મળતા ઓછી હો. કે પૂર્ણ નિર્મળ હો વસ્તુ તો ઐસીકી ઐસી ત્રિકાળ પડી હૈ નિર્મળાનંદ. ઈસકો અહીંયા ધ્રુવ દ્રવ્ય કહનેમેં આતા હૈ.

✿ વસ્તુ ઈસકો કહીએ જિસમેં અનંત ગુણ વસ્યા હુઆ, રહા હુઆ હૈ. ચાહે તો પરમાણુ હો, ચાહે તો આકાશ હો, ચાહે તો આત્મા હો. પર્યાય એટલે અવસ્થા, પર્યાય એટલે હાલત, પર્યાય એટલે દશા, પર્યાય એટલે વર્તમાન અંશની પ્રગટતા-તેને પર્યાય કહીએ.

✿ પર્યાય છે એ અસંખ્ય પ્રદેશે છે-આ અસંખ્ય પ્રદેશ છે ને ? તો એ ઉપર ઉપર છે. એ ઉપરનો અર્થ આ પ્રદેશ આહીં છે માટે આ ઉપર છે એ પર્યાય એમ નહીં. અંદર પેટમાં-મધ્યમાં પણ અસંખ્ય પ્રદેશ છે જીવના-એ અસંખ્ય પ્રદેશના મધ્યમાં પણ ઉપર પર્યાય છે. શરીર-વાણી-મન તો નહીં. પણ કહે છે કે આ ઉપર પર્યાય એટલે આ અસંખ્ય પ્રદેશ છે એના ઉપર ઉપર પર્યાય છે એટલામાં એમ નહીં જ્યાં જ્યાં પ્રદેશ મધ્ય અને ઉપર રહ્યા, ત્યાં ત્યાં તેની પર્યાય તેની ઉપર ઉપર છે. અંતરમાં ધ્રુવમાં એ પર્યાય ગઈ નથી.

✿ આ આત્મા-એક એક ભિન્ન આત્મા. આત્મામેં તીન પ્રકાર-કાયમ રહનેવાલી ચીજકો દ્રવ્ય કહતે હૈ, વસ્તુ કહેતે હૈ, સામાન્ય કહેતે હૈ, ઔર ઉસમેં ગુણ જે જ્ઞાન-દર્શન-આનંદ-ઉસકો વિશેષ કહેતે હૈ. દ્રવ્ય જો સામાન્ય એકરૂપ હૈ. ઉસમેં જે જ્ઞાન-દર્શન-આનંદ આદિ ગુણ હૈ-એ વિશેષ ગુણ ઔર ઉસકી વર્તમાન અવસ્થા હૈ-હાલત-એ હાલતકો પર્યાય કહેતે હૈ.

✿ દ્રવ્ય એટલે કાયમ રહેનારી ચીજ. કાયમ રહેનારી જ્ઞાયક ચીજ એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખવાની છે. ધ્યેય ત્યાં છે, ધ્રુવ ત્યાં છે, સામાન્યપણું ત્યાં છે. ધામ ધ્રુવનું ધામ તે તું છો, ધ્રુવ-ધામ તે તારું ધામ છે-તે તારું મહાન ક્ષેત્ર છે-ચાહે તો ધ્રુવ છે ત્રિકાળ-એ તો પર્યાયથી આગળ પાતાળમાં ધ્રુવ પડ્યું છે. આખા આત્મા ઉપર પર્યાય છે. અહીંયા અસંખ્ય પ્રદેશ છે-ત્યાંય પર્યાય તો છે પ્રદેશ ઉપર. પણ એ પર્યાયની અંદરમાં પાતાળમાં અંદર પાતાળ છે ત્યાં ધ્રુવ છે એ તળિયું છે એનું. પર્યાયનું તળીયું ધ્રુવ છે. પર્યાય ઉપર ટપકે છે.

✿ આત્મામાં બે પ્રકાર છે-એક ધ્રુવપણું અને એક પર્યાય-પલટવાપણું એ પર્યાયનું તળીયું તો ધ્રુવ છે-એ તળ છે એનું. એક એટલો નિર્ણય કરે કે દરેક દ્રવ્યની તે સમયની પર્યાય નિજ ક્ષણે ઉત્પન્ન થાય છે, એને કોઈ

પૂર્વના ક્ષણની કે સંયોગની કે દ્રવ્ય-ગુણની જરૂર નથી, કાર્ય થાય છે તો પર્યાયમાં. ધ્રુવનો નિર્ણય કરે છે પર્યાય-નિત્યનો નિર્ણય કરે છે અનિત્ય.

✿ સ્વરૂપ જે ચૈતન્યનું-ત્રિકાળી જ્ઞાન, આનંદ, પ્રભુતા, ઈશ્વરતા, શુદ્ધતા, અશુદ્ધતા, એની પર્યાયમાં લીલા થાય-દશા એ રાગની જાતથી જાત્યાંતર અનેરી જાત છે એની લીલા જ અનેરી જાત છે. એમાંથી ઉત્પન્ન થતી દશા એ વીતરાગી દશા છે. રાગ નહીં.

✿ અરે! આત્મામાં સ્વભાવ તો અમર્યાદિત હૈ, પણ ઉસકા દર્શન, જ્ઞાન, ચારિત્ર કરનેસે જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ-યે ભી અક્ષય-અમેય જિસકી પર્યાય અક્ષયને અમેય (એટલે) મર્યાદા નહીં. રાગકી તો મર્યાદા હૈ-ગમે તેટલા રાગ કરે.

✿ પૂર્ણાનંદકી લાયકાત તો મોક્ષ હોનેકી હૈ-બંધ હોનેકી લાયકાત ઉસકી હૈ નહીં. વો તો પર્યાયમેં લાયકાત હૈ. દ્રવ્ય ઔર ગુણકી લાયકાત તો મોક્ષ હોનેકી લાયકાત હૈ ક્યોંકિ એ તો મુક્ત સ્વરૂપ હૈ.

✿ જાણવાનું કામ પર્યાય કરે. દ્રવ્ય તે તો ધ્રુવ છે-ધ્રુવ. કાર્ય તો પર્યાયમાં હોય છે. (દ્રવ્ય તો) અકારણ છે ત્રિકાળ, (મુમુક્ષુ : દ્રવ્ય તો અપરિણામી છે.) તેની શક્તિ કહેવાય.

✿ પોતે વિભાવરૂપે પરિણમે ને સ્વભાવરૂપે પરિણમે, દ્રવે-દ્રવે-જેની પર્યાયમાં હલચલ થાય-ગતિમાન પરિણમન થાય-તે દ્રવ્ય તે તો એક અપેક્ષાએ તેને ઓળખાવ્યું. બાકી વસ્તુ છે એ પોતે પરિણમનમાં આવતી નથી. વિભાવ કે સ્વભાવના પર્યાયમાં એ વસ્તુ આવતી નથી.

✿ ૬ દ્રવ્ય અને દ્રવ્યના અનંત ગુણો ને એની અનંતી પર્યાય એને આ પર્યાય એક સમયની જાણવાની તાકાતવાળી છે તો એ પર્યાય એટલી છે એ ૬ દ્રવ્યને જે ન માને-એ છ દ્રવ્યને જાણવાની લાયકાતવાળી પર્યાય એને પણ માનતો નથી. તો દ્રવ્યને તો માનતો નથી.

✿ એક અહીં આકાશનો પ્રદેશ છે. તેમાં ધર્માસ્તિનો પ્રદેશ છે. અધર્માસ્તિનો પ્રદેશ છે, કાળનો છે, અનંતા જીવના અસંખ્ય પ્રદેશ છે, અનંતા પરમાણુના સ્કંધ છે. અહીંયા એક આકાશના પ્રદેશમાં. એક આકાશનો પ્રદેશ હોં-એવા બીજો, ત્રીજો-એવા અસંખ્ય પ્રદેશો. લોકના (છે). અલોકના અનંત છે. એક એક પ્રદેશમાં એક ધર્માસ્તિકાયનો એક

પ્રદેશ છે આકાશમાં-છતાં એને ને એને કાંઈ સંબંધ નથી. ત્યાં જ અધર્માસ્તિકાયનો પ્રદેશ છે છતાં એને કાંઈ સંબંધ નથી-કાળનો એક અણુ છે એમાં તો એને કાંઈ સંબંધ નથી-અને તે કાળે ત્યાં અનંત જીવના અસંખ્ય પ્રદેશો છે-અનંત જીવના અસંખ્ય પ્રદેશ. એક જીવ એક પ્રદેશમાં ન રહી શકે-એક પ્રદેશમાં એક જીવનો અસંખ્યમો ભાગ રહી શકે-એવી રીતે આખો જીવ એક પ્રદેશમાં ન રહી શકે. અને એ પ્રદેશમાં એક જીવનો અસંખ્યમો ભાગ, એવા અનંતા જીવના, અસંખ્ય ભાગના અનંતા પ્રદેશ રહી શકે. એટલી તો જીવની મોટપ છે. તે એક પ્રદેશમાં ન રહી શકે આખો. અસંખ્ય પ્રદેશ રહેવા માટે જોઈએ. એવો એક જીવનો અસંખ્યમો ભાગ એક પ્રદેશમાં છે આકાશમાં. એવા અનંત જીવોનો અસંખ્યમો ભાગ એવા અનંતા પ્રદેશ એક પ્રદેશ ઉપર છે પણ એક પ્રદેશમાં એક જીવના અસંખ્યાત્ પ્રદેશ એક સાથે ન રહી શકે. અને એક ભેગા હોવા છતાં એકબીજાને કાંઈ સંબંધ નથી. લેવા ન દેવા. રહે છે તે પોતપોતાના ક્ષેત્રમાં-આકાશના ક્ષેત્રમાં રહે છે એ કહેવું વ્યવહાર છે.

✿ જેટલા તત્ત્વો છે-જીવ તત્ત્વ સિવાય. જીવની એક સમયની પર્યાય, આસ્રવ, પુણ્ય-પાપ, સંવર, નિર્જરા, બંધ મોક્ષ-એ બધી પર્યાયો છે. નાશવાન છે. અવિનાશી તો ભગવાન ત્રિકાળી ધ્રુવ છે તે અવિનાશી છે.

✿ નવ તત્ત્વ જો હૈ, ઉસમેં શરીર આદિ તો, લક્ષ્મી આદિ તો અજીવ તત્ત્વ હૈ, કર્મ ભી અજીવતત્ત્વ હૈ, દયા-દાન પરિણામ એ પુણ્ય તત્ત્વ હૈ-હિંસા જૂઠ-ચોરીકા પરિણામ એ પાપ તત્ત્વો હૈ, દો મિલકર આસ્રવ તત્ત્વ હૈ, રાગમેં રુક જાના યે બંધ તત્ત્વ હૈ, ઔર પૂર્ણદશા પ્રગટ હોના વહ મોક્ષ તત્ત્વ હૈ. અને ભગવાન તો જ્ઞાયક તત્ત્વ ઉસસે ભિન્ન હૈ

✿ જો મૈં રોગકો મેરા કહૂઁ તો મૈં અજીવ હો જાઉં, શરીર મેરા હૈ, કર્મ મેરા હૈ, પૈસા મેરા હૈ-ઐસા જો માનું તો મૈં અજીવ હો જાઉં. યે તો પુદ્‌ગલકી પર્યાય હૈ, યે કંઈ જીવકી પર્યાય હૈ-જીવકા તો હૈ હી નહીં.

✿ એક આત્મામેં સામાન્ય ગુણ અનંત હૈ ઔર વિશેષ ગુણ અનંત હૈ-સામાન્ય છ કહનેમેં આયા હૈ-અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ. પણ એ છ તો સામાન્ય સમજાનેમેં આયા હૈ. બાકી હૈ તો ભગવાન પરમાત્મામેં

સામાન્ય જે ગુણ હૈ વો દૂસરેમેં ભી હૈ અને અપનેમેં ભી હૈ ઐસા સામાન્ય અનંતગુણ હૈ; ઔર વિશેષ અપનેમેં હૈ, દૂસરેમેં નહિ ઐસા વિશેષ ગુણ ભી અનંત હૈ.

✿ એક પત્રમેં ઐસા ભી લિખા હૈ-શ્રીમદે, 'ભગવાન પૂર્ણ સ્વરૂપ હૈ પણ ઉસકા અપલખણકા પાર નહીં, તેરા ગુણકા પાર નહીં. છતાં તેરા અપલખણકા પાર નહીં-પર્યાયમાં અપલખણ તેરા હૈ.' તેરી ચીજ કો માનતે નહીં અને પર્યાયકો અને રાગકો માનતે હૈ. (વો) તેરા અપલખણ હૈ.

✿ ધર્મને માટે-દ્રવ્યના કાર્યને માટે રાગની મંદતા હોય તો કાર્ય થાય કે શરીરની અનુકૂળતા હોય તો (કાર્ય થાય) એવી કોઈ પરદ્રવ્યના સાધનની રાહ જોવી ન પડે.

✿ 'લોક્યંતિ ઈતિ લોક' જેમાં જડ ચેતન જ્ઞાનમેં જણાય ઉસકો લોક કહીએ અને અલોક-જેમાં જડ ચેતન કોઈ ચીજ (નથી). એક આકાશ નામકા પદાર્થ હૈ. એ આકાશ નામકા પદાર્થ ઉસકા ક્યાંય અંત નહીં. તર્ક, તર્કસે લો તો ભી, ઉસકા અંત નહીં. તો ઈસકા જાનનેવાલા ભગવાન (ઉસકા) ગુણકી સંખ્યાકા અંત નહીં. ઐસા અનંત ગુણ પૂર્ણ ભર્યા હૈ. સંખ્યા વિનાની ચીજ-અનંત, અનંત, અનંત, અનંત, અનંત (છે).

✿ ભગવાનને તળિયે-ધ્રુવને તળિયે જાય. વર્તમાન પર્યાય તળિયે, ધ્રુવને તળિયે પાતાળમેં જાય. પાણીના દળમેં તરંગ ઉપર-ઉપર ઉઠતે હૈ તે તરંગ અંદરમેં પ્રવેશ નહીં કરતે, ઐસે પર્યાય વર્તમાન દ્રવ્યકા ધ્રુવ ઉપર તીરતી હૈ. અંદર નહીં પેસી શકતી. વો પેસી શકતી નહીં, પણ વો પર્યાયકો સૂક્ષ્મ કરકે દ્રવ્યકો પકડ શકતે હૈ. દ્રવ્યમેં પેસી શકતી નહીં. કાર્ય તો પર્યાયમેં હોતા હૈ ના! ધ્રુવ તો કુટસ્થ રહેતે હૈ.

✿ દ્રવ્ય તો ભગવાન-જેમાંથી પર્યાય દ્રવે. દ્રવ્યમાંથી દ્રવે એ પણ વ્યવહાર કહેનેમેં આતા હૈ. દ્રવ્યત્વ ગુણ હૈ ને? દ્રવ્યત્વ ગુણ હૈ. ઉસમેં દ્રવે ઐસા ગુણ હૈ. 'દ્રવ્યમ્ ગચ્છઈતિ દ્રવ્યમ્' એમ આતા હૈ. શુદ્ધ પર્યાયકો અને અશુદ્ધ પર્યાયકો દ્રવે-બે બોલ હૈ-'ગચ્છતી અને દ્રવતી' એ પણ પર્યાય દ્રવે તો પર્યાય તો પર્યાયકી હોતી હૈ-પણ દ્રવ્યમેંસે આતી હૈ યે અપેક્ષાએ 'દ્રવે' એમ કહેનેમેં આતા હૈ. ખરેખર પર્યાય હૈ-આતી હૈ

તો દ્રવ્યમેં સે નેં! કે અદ્ધરસે આતી હૈ? પણ એ અદ્ધરસે આતી હૈ ઐસા કહેના હૈ અહીં તો. પર્યાય-પર્યાયસે હોતી હૈ. ત્યાં અસ્તિપણું 'થા' (હતું), ઉસમેંસે આતી હૈ કિ નહીં, 'થી' (હતી) માટે આયી હૈ. અંદર નિર્મળપર્યાયકા શક્તિરૂપ ગુણ રૂપ થા. ભગવાનકા જ્ઞાનમેં તો આયા હૈ કે આ અંશ હી એ બહાર આયા.

✿ એક પોઈન્ટ. એક રજકણ જિતનામાં રહે ઉસકા નામ પ્રદેશ ઐસા આકાશકા પ્રદેશ જિતના હૈ અમર્યાદિત કે અહીંયા હદ આવી ગઈ હવે ઐસા હૈ નહીં-ઈતના આકાશકા પ્રદેશ જે હૈ એ પ્રદેશકી સંખ્યાસે ભી પ્રભુમાં અનંત ગુણા-ગુણ હૈ અને એક એક ગુણની સંખ્યા-અનંત તો કહ્યા સબ-પણ એક એક ગુણ અમર્યાદિત હૈ ઐસા યહાઁ તો કહેતે હૈ.

✿ પર્યાય જે છે ભલે નિર્મળ હો, મલિન પર્યાય જે અવસ્થા પુણ્ય-પાપની વાત તો શું કરવી? પણ નિર્મળ પર્યાય-વર્તમાન અવસ્થા-તે પણ વસ્તુમાં ઉપર તરે છે. તે વસ્તુમાં પેઠી (ગઈ) નથી.

✿ ભગવાને ૬ દ્રવ્ય જોયા-૬ વસ્તુ છે તે ભગવાને જોઈ. એમાં દ્રવ્ય એટલે વસ્તુ-એના ગુણ એટલે સ્વશક્તિ અને પર્યાય એટલે અવસ્થા. અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને એક આકાશ. એવા ૬ ભગવાને જોયા. એ દરેક દ્રવ્ય વસ્તુ તરીકે દ્રવ્ય છે. દરેક વસ્તુ, દરેક તત્ત્વ, પોતાના ગુણોરૂપી સ્વભાવમાં રહીને, પોતાના શક્તિરૂપી ગુણોમાં રહીને, તે દ્રવ્ય પોતાની સ્વતંત્રપણે પર્યાયને પ્રાપ્ત કરે છે-એ પર્યાયને પ્રાપ્ત કરવા માટે નિમિત્ત ને પરની અપેક્ષા નથી એમ કહે છે. સ્વતંત્રપણે પોતાની અવસ્થાને પ્રાપ્ત કરે છે. પૂર્વની પર્યાયનો વ્યય થાય છે અને આ પર્યાય ઉત્પન્ન થાય છે અને દ્રવ્ય પરમાણુ ધ્રુવ છે.

✿ નવ તત્ત્વમાં ભેદ ભાવથી નવના પર્યાયો છે ને એ ? એનાથી પ્રભુ તો ભિન્ન છે કેમકે એ પર્યાયો એનામાં નથી.

✿ દ્રવ્યને સત્ છે માટે કોઈ હેતુ ન હોય. ગુણ સત્ છે માટે હેતુ ન હોય અને પર્યાય પણ અવસ્થા-સત્ છે માટે કોઈ હેતુ ન હોય-એને દ્રવ્ય-ગુણનો પણ હેતુ નહીં.

✿ પર્યાય કર્તા છે, પર્યાય કાર્ય છે, પર્યાય 'કરણ' નામ સાધન છે. પર્યાય સંપ્રદાન-પર્યાય થઈ છે ને રાખી છે, પર્યાયથી પર્યાય છે. પર્યાયને આધારે પર્યાય થઈ છે. તે પર્યાયના કર્તા, ક્રિયા, કર્મ, પરિણતિ પર્યાયમાં છે, પરને લઈને નહીં.

✿ ચૈતન્યભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ! વર્તમાન એક સમયમાં પર્યાયથી ભિન્ન છે-દ્રવ્ય છે તે પર્યાયને અડતું નથી. વ્યક્તને અવ્યક્તને એક સમયમાં જાણવા છતાં, વ્યક્ત ને અવ્યક્ત એવું દ્રવ્ય તેને અડતું નથી.

✿ પરમાણુમેં આકાશકા અનંત, અનંત, અનંત, અનંત પ્રદેશ હૈ. ઉસસે ભી અનંતગુણા ગુણ એક પરમાણુમેં હૈ-જડપણે હો! ચૈતન્યમાં ચૈતન્ય અને જડમાં જડ, પણ દોનોંકા અનંતા સરખા હૈ.

✿ ગુણ છે ને દ્રવ્ય છે એ તો ધ્રુવ છે. એ પરિણમતા નથી. પણ એની અવસ્થા થાય છે એ પરિણમે છે એટલે ગુણ પરિણમે છે એમ કહેવામાં આવે છે.

✿ અસંખ્ય પ્રદેશે પર્યાય ઉપર છે. અસંખ્યપ્રદેશે, 'ઉપર' એટલે આમ આટલું, આમ આટલું એમ નહીં. આ અહીંયા અસંખ્ય પ્રદેશ છે. પેટમાં ભિન્ન જુદા. ત્યાં પણ એક-એક પ્રદેશ ઉપર પર્યાય છે. અસંખ્યપ્રદેશનો થોક પડ્યો છે. પ્રભુ! એ દરેક પ્રદેશે પર્યાય ઉપર છે અને ધ્રુવ તળમાં છે, અંદરમાં છે.

✿ ઉસકા દ્રવ્ય-ગુણકા ધર્મ તો કોઈ અલૌકિક, ઉસકી પર્યાયકા-એક-એક પર્યાય ઐસી અનંત આનંદ, અનંત કેવળજ્ઞાન, એ અનંત કેવળજ્ઞાનમેં ભી એક સમયમેં ષટ્ગુણહાનિવૃદ્ધિ, અનંત ગુણવૃદ્ધિ, અનંત ગુણ હાનિ, અસંખ્ય ગુણવૃદ્ધિ, અસંખ્ય ગુણહાનિ, એક સમયમેં આ તે કાંઈ ભગવાન જાણે! તે વસ્તુ જ કોઈ દ્રવ્ય-ગુણ-પર્યાય કોઈ ચમત્કારી ચીજ છે. તીનો ચમત્કારી ચીજ હૈ.

✿ પરનું તો જ્ઞાન ઠીક-પોતાના દ્રવ્ય-ગુણ ને પર્યાયનો ભેદ કરીને ભેદ પાડે એ વિકલ્પ છે ત્યાં અટકી જાય છે ઊંડે, એની એને ખબર નથી કે હું ક્યાં અટકી ગયો છું.
(પ્રમાણ વચન ગુરુદેવ)